વડીલોને વંદન અભિનંદન

એમ.જી.ચૌહાણ
(૧૯૩૮) મો.૯૪૨૮૦૪૯૫૬૦

ખેડબ્રહ્મા મામલતદાર કચેરીમાં ભ્રષ્ટાચારની બૂ

દાખલા કઢાવવા ઉમેદવારો પાસેથી નાણાં પડાવાઈ રહ્યાં છે

ખેડબ્રહ્મા, તા. ૧૬

જિલ્લા પંચાયત, સેવા પસંદગી બોર્ડ દ્વારા તા. ૮મી એપ્રિલે ૨૦૦ થી વધુ જગ્યાઓ માટે ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. અરજી કરવા માટે ઉમેદવારોએ વિવિધ પ્રમાણપત્રો જેવા કે ક્રિમીલેયર, જાતિનો દાખલો, આવકના દાખલો, લઘુમતી કે ડોમીસાઈલ વગેરે સર્ટિફિકેટ્સની જરૂર પડી રહી છે જે ઈશ્યુ કરવા માટે પુરતા પુરાવા હોવા છતાં ખેડબ્રહ્મા મામલતદાર કચેરીના નાયબ મામલતદાર દ્વારા નૈવેદ્યની માંગણી કરાતી હોવાની બાબત ચર્ચાઈ રહી છે.

ખેડબ્રહ્મા તાલુકાના અંતરિયાળ વિસ્તારોના ગામોના નોકરીવાંચ્છુ ઉમેદવારો પાસેથી વિવિધ પ્રમાણપત્રો અને સરકારી કામો માટે નાણાં ઉઘરાવાઈ રહ્યા હોવાની રાવ ઉઠવા પામી છે. આ નાણા નાયબ મામલતદાર દ્વારા ઉઘરાવાઈ રહ્યા હોવાનું પ્રકાશમાં આવવા પામ્યુ છે. નાના મોટા તમામ કામોમાં નિયત કરતા વધુ નાણાં યુવાન ઉમેદવારોએ ચુકવવા પડી રહ્યા છે. જેમકે ફોટા માટે રૂ. ૨૦ની જગ્યાએ જનસેવા કેન્દ્રમાં રૂ. ૪૦ વસુલાઈ રહ્યા છે, મહેસુલ વિભાગમાં જેવો મુડ તેવુ ઉઘરાણું કરાઈ રહ્યું છે. ઉમેદવારોએ સ્ટેમ્પ પેપર સોગંધનામુ વગેરે કરવાનું હોય છે. અત્યારે ઉમેદવારોની ગરજનો લાભ ઉઠાવી સ્ટેમ્પથી લઈને દરેક કામે નાણા પડાવાઈ રહ્યાં છે.

આ ઉપરાંત નિયમિત રેશનકાર્ડ, એપીએલ અને બીપીએલ તેમજ સિનીયર સીટીઝન, વારસાઈ, વિધવા સહાય, ઈન્દિરા ગાંધી સહાય વગેરે તમામ કામોમાં અબૂધ પ્રજા પાસેથી નાણાં ખંખેરવામાં આવી રહ્યા છે. નાયબ મહેસૂલ અધિકારી તેમની સાથે આ કામો માટે એક 'વહીવટીયો' પણ રાખતા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. નામ ન આપવાની શરતે એક કર્મચારીએ જણાવ્યું હતું કે જો માંગેલા નાણા આપવામાં ન આવે તો અધિકારી દ્વારા કોઈ પણ ખામી કાઢીને 'કાલે બધુ સાથે લેતો આવજે' કહી ઉમેદવારને હાંકી કઢાય છે.

એક તરફ નવી નિમણૂંક પામેલ કલેક્ટર પી. સ્વરૂપ અને આદિવાસી વિકાસ નિગમના અધ્યક્ષ રમીલાબેન બારા તેમજ જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન એમ જેવા અધિકારીઓ દ્વારા ભ્રષ્ટાચાર દૂર કરવા અભિયાન ચલાવાઈ રહ્યું છે ત્યારે બીજી તરફ જનસેવા કેન્દ્રનો ભ્રષ્ટાચાર આ અભિયાનની આબરૂના લીરે લીરા ઉડાવી રહ્યા છે. આ બાબતે અધિકારીઓએ તપાસ કરાવી તેને અટકાવવા સત્વરે પગલાં લેવાય તેવી પ્રજામાં માંગ ઉઠવા પામી છે.

ઓલ ઈન્ડિયા પોલીસ ગેમ્સમાં ભાગ લેવા જશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના ત્રણ પોલીસ કર્મચારી દિલ્હી ખાતે યોજાનાર ૬૩મી ઓલ ઈન્ડિયા પોલીસ ગેમ્સમાં ગુજરાત ગાંધીનગરનું પ્રતિનિધિત્વ કરશે. આગામી ૧૯ થી ૨૪ એપ્રિલ સુધી ઓલ ઈન્ડિયા પોલીસ ગેમ્સ યોજાશે. જેમાં ગાંધીનગર જિલ્લા પોલીસ વિભાગમાં ફરજ બજાવતા રામમિલન યાદવ, જિલ્લા ટ્રાફિક એ.એસ.આઈ. અશોકભાઈ રાઠોડ અને એલ.આઈ.બી. શાખાના સુરેશ ચૌધરી ગુજરાત ગાંધીનગરનું પ્રતિનિધિત્વ કરશે.

મોડાસાના શિક્ષણ અગ્રણીઓએ ધો-૧૦ના પેપરની ભુલો માટે શિક્ષણમંત્રીને રજુઆત કરી

મોડાસા, તા. ૧૬

માર્ચ માસમાં લેવાયેલી ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષામાં ગણિતના પેપરમાં થયેલી ભુલો બાબતે ઘટતુ કરવા આજે મોડાસા તાલુકા ગણિત-વિજ્ઞાન મંડળના હોદ્દેદારોએ રાજ્યના શિક્ષણમંત્રીને રજુઆત કરી હતી.

મોડાસા તાલુકા ગણિત વિજ્ઞાન મંડળ અને મોડાસા તાલુકા માધ્યમિક સંઘના હોદ્દેદારો ગિરિશ પટેલ, મનોજ ઉપાધ્યાય, પ્રકાશ જોષી તથા ભરત પટેલ દ્વારા એક પ્રતિનિધિ મંડળ આજે ગાંધીનગર ખાતે રાજ્યના શિક્ષણ મંત્રી અને બોર્ડના અધિકારીઓને મળી પેપરમાં થયેલી ગંભીર ભુલો બાબતે ઘટતુ કરવા લેખીત રજૂઆત કરી વિદ્યાર્થીઓને નુકશાન ન થાય તે માટે જણાવ્યું હતું. આથી મંત્રીએ આ મામલે યોગ્ય નિર્ણયો કરવાની ખાત્રી આપી હતી.

(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસાના ટીંટોઈ નજીક કન્ટેનર અચાનક સળગી ખાખ થઈ ગયું

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના શામળાજી હાઈવે પર આવેલા ટીંટોઈ ગામ અને આજુબાજુના વિસ્તારમાં ટ્રક, કન્ટેઈનર અને ભારે વાહનોના બોડી બનાવવાના કાચના કેબીન બનાવવાના અને રેડીયમને લગતા કામકાજ કરનાર દુકાનો અને કારીગરો ખુબ મોટી સંખ્યામાં હોવાથી દિલ્હી, ઉ.પ્ર., રાજસ્થાનથી માલ-ચીજ વસ્તુનું વહન કરનાર ટ્રક ચાલકો ટ્રકના કામકાજ અર્થે ઉભા રહેતા હોય છે. જયારે ગઈકાલે એક કન્ટેઈનર રીપેરીંગ કરાવવવા ઉભું રહ્યું ત્યાં જ અચાનક કન્ટેઈનરમાં આગ લાગતાં બળીને ખાખ થઈ ગયું હતું. મોડાસા-શામળાજી રોડ પર ટીંટોઈ નજીક આવેલા ફૂટા પાસે એક કન્ટેઈનરમાં આગ લાગતાં આખું કન્ટેઈનર સળગી ઉઠયું હતું. જો કે સદનસીબે ડ્રાયવરનો આબાદ બચાવ થયો હતો. મોડાસાથી શામળાજી તરફ જતી કન્ટેઈનર ફૂટા નજીક કોચ રીપરીંગમાં ઉભી રાખી હતી ત્યારે અચાનક શોર્ટ સર્કિટ થતાં કન્ટેઈનર ભડભડ સળગવા લાગ્યું હતું અને જોતજોતામાં આખું કન્ટેઈનર સળગી ઉઠયું હતું. કન્ટેઈનરના ડ્રાઈવર સર્વેશપાલે સમયસૂચકતા દાખવી બહાર નીકળી જતાં આબાદ બચાવ થયો હતો. આજુબાજુના લોકોએ આ અંગેની જાણ ફાયર બ્રિગેડને કરતાં ફાયર ફાઈટરે ઘટના સ્થળે આવીને આગ કાબુમાં લઈ આગળ પ્રસરતી અટકાવી દીધી હતી.

પ્રાંતિજમાં પેટ્રોલ પંપ માલિકોની મનમાની

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ પેટ્રોલ પંપ માલિકો દ્વારા રાત્રીના સમયે સરકાર દ્વારા ભાવ ઘટાડો કર્યો છતાં ભાવ ઘટાડો બપોર સુધી ના કરતાં કેટલાય ગ્રાહકો છેતરાયા.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ ખાતે આવેલ પેટ્રોલ પંપ માલિકો દ્વારા રાત્રીના સમયથી ભાવ ઘટાડો થયો હોવા છતાં ભાવ ના ઘટાડાતાં પેટ્રોલથી ચાલતા વાહન ચાલકો છેતરાયા હતા જયારે પેટ્રોલ પંપ ઉપર તુ...તુ...મે...મે... પણ થઈ હતી. એપ્રોચ રોડ ઉપર આવેલ એસઆર પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ પુરાવા ગયેલ એક ગ્રાહકે પેટ્રોલ પુરાવતા પહેલાં પેટ્રોલ પુરનારને મીટર રકમ ઘટેલા હોવા છતાં ના બદલતા તેણે કમ્પ્લેઈન કરતાં પેટ્રોલ પુરનાર વ્યકિતએ એવું કહ્યું કે ભાવ ઉતર્યા નથી ઉપરથી વધ્યા છે. આમ બપોર સુધી ગ્રાહકો સાથે કચકચ જોવા મળી. જયારે એસઆર પેટ્રોલ પંપના માલિકનો સ્થળ ઉપર જઈ સંપર્ક કરતા તેમણે જણાવ્યું કે પેપર તથા ટીવી ચેનલો ઉપર આવે એટલે અમારે ભાવ ઓછો નહીં કરવાનો અમારે તો કંપનીનો મેસેજ આવે એટલે અમારે ભાવ ઉતારવાના અને અમે મેસેજ આવતાં ભાવ ઘટાડો કર્યો હતો.

જયારે આ બાબતે પુરવઠા વિભાગમાં પુછતા મનોજભાઈએ જણાવ્યું હતું કે રાત્રીના સમયથી ભાવ વધારો થાય ત્યારે એક બાજુ એસઆર પેટ્રોલના માલિકે જુના ભાવે વેચાણ ચાલુ રાખ્યું હતું અને બપોર પછી તેમના મોબાઈલમાં મેસેજ આવ્યા પછી ભાવ ઘટાડો કર્યો હતો જેથી વાહનચાલકો દ્વારા આવાં પેટ્રોલ પપ માલિકોની ઉપર કડકમાં કડક કાર્યવાહી થાય તેવું જણાવી રહ્યા છે. આ બાબતે ચર્ચામાં આવેલ આ પેટ્રોલ પંપ ઉપર અધિકારીઓ દ્વારા તપાસ થાય તેવું હાલ તો પંથકના લોકો જણાવી રહ્યા છે.

૨,૦૦૦ કિલો કેરીનો જથ્થો નાશ કરી દેવાયો

શહેરમાં ગરમીની શરુઆત થઈ ગઈ છે. ત્યારે કેરીની સિઝન પણ શરૂ થવાથી લોકો કમાવવા માટે શહેરીજનોના આરોગ્ય સાથે માટે શહેરીજનોના આરોગ્ય સાથે પણ ચેડા કરે છે. કોર્પોરેશનની ટીમોએ શહેરના કાલુપુર, નરોડા, નારોલની ફૂટ માર્કેટ્સમાં કાર્બાઈડથી કેરી પકવતા વેપારીઓ પર દરોડા પાડી કાર્બાઈડથી પકવેલી ૨ હજાર કિલો ઝેરી કેરીનો નાશ કરીને વેપારીઓને રૂ. ૧૦ હજારનો દંડ ફટકાર્યો હતો.

ડીસામાં ગટર લાઈન વિવાદ : સોસાયટી રહીશોએ પાલિકા પ્રમુખને આપ્યું આવેદનપત્ર

ડીસા, તા. ૧૬

ડીસામાં ગટર લાઈનના પાણીના નિકાલની સમસ્યા મામલે બે સોસાયટીના રહીશો આમને સામને આવતા મામલો ગરમાયો હતો. જેમાં એક સોસાયટીનું ગટરનું ગંદુ પાણી અન્ય સોસાયટીની બંધ પડેલી ગટર લાઈનમાં જોડાણ આપી વહેતું કરાયું હતું. જે વિવાદનું કારણ બન્યું હતું. અને આ સમગ્ર મામલો ડીસા નગરપાલિકા પહોંચ્યો હતો. જેમાં પીડિત એવા ક્રિશ્ના સોસાયટીના રહીશોએ પાલિકાના સેનિટેશન સુપરવાઈઝર વિરૂદ્ધ ગંભીર આક્ષેપો કરી આવેદનપત્ર આપી આ સમસ્યા મામલે તપાસની માંગ કરી છે.

ડીસા નગરપાલિકા દ્વારા શહેરી વિસ્તારની અનેકો સોસાયટીમાં બનાવવામાં આવેલી ગટર લાઈનો યોગ્ય સફાઈના અભાવે ઉભરતા રહીશોમાં રોષ ફેલાયેલો છે ત્યારે ડીસા હાઈવે વિસ્તારનીએલ.એમ. પાર્ક સોસાયટીમાં પણ આજ સમસ્યા સર્જાઈ હતી. જો કે એલ.એમ. પાર્ક સોસાયટીના લોકોએ રોડની બીજી બાજુ આવેલી ક્રિશ્ના બંગ્લોઝ સોસાયટીની બંધ ગટર લાઈનમાં તેમની ગટરનું જોડાણ રોડ તોડી પાડી જોડયું હતું જો કે ક્રિશ્ના બંગ્લોઝ સોસાયટીની ગટર લાઈનમાંથી પાણી પસાર થશે તેવી એલ.એમ. પાર્ક સોસાયટી રહીશોની આશા ઠગારી નીવડી હતી આ ગટર લાઈન આગળ થી જ બંધ હતી જેથી એમ.એલ. પાર્ક અને અન્ય સોસાયટીનું ગટરનું પાણી ક્રિશ્ના સોસાયટીની બંધ ગટરમાં ઠલવાયું હતું. અને આગળ જવાનો રસ્તો ન હોઈ સોસાયટીના નાકે ભેગું થતાં ગંદકીથી મુખ્ય ગેટ ઉભરાયો હતો જેથી હોબાળો મચ્યો હતો. આ જાહેર દુષણ સમાન કામ અટકાવી યોગ્ય કરવા તે બાદ સોસાયટી રહીશોએ ડીસા નગરપાલિકાના પ્રમુખને રૂબરૂ મળી આવેનદપત્ર પાઠવ્યું હતું. અને તેમની બંધ ગટર લાઈન ખુલ્લી કરવા લેખિત રજૂઆત કરી હતી. આ કામે સોસાયટીના રહીશોએ ડીસા પાલિકા સેનિટેશન વિભાગ સુપરવાઈઝર વિરૂદ્ધ ગંભીર આક્ષેપો કર્યા હતા અને સેનિટેશન વિભાગ સુપરવાઈઝર વસંતભાઈ પાટલાવાળાએ અન્ય સોસાયટીના લોકો પાસેથી તેમની બંધ ગટરમાં ગેરકાયદેસર જોડાણ આપવા મોટી રકમની લેતી દેતી કરી હોવાના ગંભીર આક્ષેપો સોસાયટી રહીશ વિશ્વ હિંદુ પરિષદના મહેન્દ્રભાઈ માળીએ કરતા મામલો ગરમાયો હતો.

શબ્દાવલી - ૫૭૦૩



આડી ચાવી

૧. લોકો હસે તેવું કાર્ય (૫)
૬. લપસવું (૪)
૭. ગુજારો (૩)
૮. નોકરી (૨)
૯. તગડીના ફુલ (૩)
૧૧. કેલેન્ડરની તારીખોની બાંધેલી થોકડી (જથ્થામાં) (૨)
૧૨. દેવ-મનુષ્ય-પશુ-પક્ષી વગેરે જીવની જાત (૨)
૧૩. મજબુત (૩)
૧૪. ઘનઘોર, ઘેઘુર (૪)
૧૬. બારોબાર, સીધે માર્ગે જનારો (૩)
૧૮. થૂંકદાન (૪)
૨૦. ખડક (૩)

ઊભી ચાવી

૨. ઇચ્છા, આકાંક્ષા (ઉર્દુ શબ્દ) (૪)
૩. અર્ક, સત્ત્વ (૨)
૪. એક ચાર (૪)
૫. વરણાગિયો, લહેરી જુવાન (૫)
૭. ઝીણો ટેભો, આંટી દઇ લીધેલ ટાંકો (૩)
૮. જોડા, એકબીજા સાથે જોડાયેલાં (૩)
૧૦. વાતો (૩)
૧૩. ઓચિંતા આવી પડવું (૪)
૧૪. ઘર જેવો સંબંધ (૩)
૧૫. કેપ, માથે પહેરાય તે (૨)
૧૬. પક્ષીઓ આનાથી જ ઊડી શકે (૨)
૧૭. જમીન, ભૂ (૨)
૧૯. પર્વત, ઝાડ, વૃક્ષ (૨)

શબ્દાવલી ૫૭૦૨ના જવાબ

આડી ચાવી :- (૧) યેનકેન (૪) પગલા (૬) ભવારણ (૮) આકાર (૧૦) રૂખ (૧૧) દરવાજો (૧૩) વરઘોડો (૧૪) અંગીકાર (૧૬) વંદ્ય (૧૭) કાખબલાઇ (૨૦) ડોઝ (૨૧) થડ

ઊભી ચાવી :- (૧) નવકાર (૩) નભ (૪) પરખ (૫) ગણ (૭) વારૂ (૮) આદર્શ (૯) રવાનગી (૧૨) આડોડાઇ (૧૩) વરખ (૧૪) અંદાઝ (૧૫) કાકાજી (૧૬) વંડો (૧૮) બથ (૧૯) લાડ

અરવલ્લી જિલ્લાના બાળકોને અરૂણોદય ટ્રસ્ટે પગરખા પહેરાવ્યા

ગાંધીનગર, તા. ૧૬

અરવલ્લી જિલ્લાના મોડાસા અને મેઘરજ તાલુકાના છેવાડાના ગામડાના બાળકોને પગરખા વિતરણ કરવામાં આવ્યા હતા. અંતરિયાળ ૨૩ ગામડાની શાળા, આંગણવાડીના તાલુકાઓને અરૂણોદય સેવા ટ્રસ્ટ અને સદવિચાર પરિવારે સેવાકીય કાર્ય કર્યુ હતુ. ઉનાળાની ગરમીમાં બાળકોના કુમળા ફૂલ જેવા પગ સેકાઈ ન જાય તેવા ઉમદા હેતુખથી ગાંધીનગરની અરૂણોદય સેવા ટ્રસ્ટ દર વર્ષે પગરખાનું વિતરણ કરી ચરણસેવા કરે છે. નવ રચિત અરવલ્લી જિલાના મોડાસા અને મેઘરજ તાલુકામાં ભગીરથ કાર્ય હાથ ધરવામાં આવ્યુ હતુ. અંતરિયાળ અને રાજસ્થાન સરહદના ગામડાના બાળકો શાળાના વિદ્યાર્થીઓ અને આંગણવાડીના કુમળા ફૂલ જેવા બાળકોને ચંપલ વિતરણ કર્યા હતા.

આ સેવામાં અરૂણબૂચ, મયુર વ્યાસ, સુધીર દેસાઈ, શશીકાન્ત મોઢા, નિલેન્દુ વોરા જોડાયા હતા. અરૂણોદય સેવા ટ્રસ્ટ ૧૯૯૧થી ચરણસેવા કરી રહી છે.

અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ (એસોશીએશન)ના હોદ્દેદારો

અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ (એસોશીએશન)ના સને ૨૦૧૫-૨૦૧૭ના ૨ વર્ષ માટે નીચેના હોદેદારોની નિમણુંક થઈ છે. જેમાં પ્રમુખ

તરીકે શ્રી અજીતભાઈ આર. શાહ (અજીત એડ્સ), ઉપપ્રમુખ શ્રી પીનલભાઈ એ. શાહ (શાર્પ મીડીયા સર્વિસીસ), સેક્રેટરી શ્રી પ્રશાંતભાઈ પી. નારેચાણીઆ (વર્ધમાન એડવર્ટાઈઝીંગ), જો. સેક્રેટરી શ્રી મનીષભાઈ પી. ગાંધી (પી. ગૌતમ એન્ડ કું.), ખજાનચી શ્રી જગતભાઈ બી. ગાંધી (દિપ્તી એડ્સ) તથા કારોબારી સભ્યો શ્રી સંદીપભાઈ એન. શાહ (અમોલા એડવર્ટાઈઝીંગ), શ્રી રાજેન્દ્રભાઈ એસ. સોની (પૂર્ણીમા એડ્સ), શ્રી હેમેન્દ્રભાઈ સી. શાહ (એડકોમ એડવર્ટાઈઝીંગ), શ્રી અજયભાઈ એમ. કાપડીયા (સ્વસ્તિક એડ્સ), શ્રી હર્ષદભાઈ જે. શાસ્ત્રી (યુનાઈટેટ પબ્લિસીટી), શ્રી પ્રવિણભાઈ જે. ખત્રી (કુણાલ એડવર્ટાઈઝીંગ), શ્રી અશોકભાઈ એમ. વ્યાસ (કેતન પબ્લિસીટી), શ્રી સમીરભાઈ એન. શાહ (આદિશ્વર એડવર્ટાઈઝીંગ), શ્રી અર્પિતભાઈ આર. શાહ (અર્પિત એડ્સ), શ્રી જીગરભાઈ બી. શાહ (જ્યુપીટર પબ્લીસીટી), શ્રી ભદ્રેશભાઈ બી. ગાંધી (ક્રિષ્ણા કોમ્યુનીકેશન), શ્રી પ્રદિપભાઈ એસ. મહેતા (વૃષ્ટી કોમ્યુનીકેશન)નો સમાવેશ થાય છે.

વ્યાપક દરોડા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હોલ્ડરો છે. ગેરકાયદે મિનરલ ચોરી કોઈપણ સંજોગોમાં સાંખી લેવાશે નહિ. તેમણે જણાવ્યું હતું કે ગેરકાયદે આ પ્રવૃત્તિ અંગે સતત જાગૃત નાગરિકો તેમજ વિવિધ સ્ત્રોતોમાંથી ફરિયાદો મળતી હતી. જે પ્રવૃત્તિએ હદ વટાવતાં આજે સામુહિક દરોડા પાડી આ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે ગયા નાણાંકીય વર્ષમાં રૂ. ૧.૪૭ કરોડની ગેરકાયદે રેતી ખનન થવાનું તંત્રએ પકડ્યું હતું. છેલ્લા ૮ માસમાં જ રૂ. ૧.૨૦ કરોડ જેટલી આ ચોરી પકડાઈ હોવાનું તેમણે કબુલ્યુ હતુ.

તેમણે જણાવ્યુ હતુ કે દરોડાઓ દરમ્યાન એક બોઈલરો ગાડી ૪૦૦ લીટર ડીઝલનું વહન કરી અને નદીના પટમાં જતી પકડવામાં આવી છે અને તે અંગે પણ તંત્ર દ્વારા તપાસ હાથ ધરી ગાડી કબ્જે લેવામાં આવી છે. જિલ્લામાં ભૂસ્તર તંત્રની મદદમાં પહેલીવાર આખુ તંત્ર સંવેદનશીલ બની અને આટલુ મોટુ ઓપરેશન હાથ ધર્યુ હતુ. જિલ્લામાં પહેલીવાર રેતીચોરી સામેનું આ અભિયાન આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે તેવા સાંકેતિક નિર્દેશો આપ્યા હતા.

સહાયના ધોરણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, મુખ્યમંત્રીશ્રીએ કુદરતી આફતને કારણે પાક નુકશાનનો ભોગ બનેલા ખેડૂતપુત્રોને સહાયના એસડીઆરએફમાંથી કેન્દ્ર સરકાર દ્વારા મળવાપાત્ર સહાયના ધોરણોમાં ફેરફાર કરવા પ્રધાનમંત્રીશ્રી સમક્ષ કરેલી ફળદાયી રજુઆતને પગલે ભારત સરકારે આ સહાયના ધોરણોમાં આમૂલ પરિવર્તન કરી ૫૦ ટકા કરતાં વધારે નુકશાનને બદલે ૩૩ ટકા કે તેથી વધુ નુકશાનના કિસ્સાઓમાં પણ એસડીઆરએફમાંથી સહાયનો જે ઉદારતમ અભિગમ દર્શાવો છે, તે ઉપરાંત મુખ્યમંત્રીશ્રીએ ૨૫ થી ૩૩ ટકા સુધીની પાક નુકશાની વાળા ધરતીપુત્રઓને પણ પાક નુકશાન સહાયનું આ કૃષિ હિતકારી કદમ ઉઠાવ્યું છે.

વન વિભાગના ૨૩ જેટલા રેન્જ ફોરેસ્ટ અધિકારીની બદલી

ગાંધીનગર, તા. ૧૬

વન વિભાગ દ્વારા ૨૩ જેટલા રેન્જ ફોરેસ્ટ ઓફિસરોની બદલીના હૂકમો કરવામાં આવ્યા છે.

નામ	હાલની જગ્યા	બદલીની જગ્યા
મહીપાલસિંહ એલ. ગોહીલ	ટી.એ. નર્મદા	પોલીથીન બેગ ફેક્ટરી રાજપીપળા
એસ.આર. ખાંટ	વિ. પારડી, સા.વ.વિ. વલસાડ	વિ. મેઘરજ
કે.બી. નીનામા	વિ. મેઘરજ	જે.બી.આઈ.સી., સાબરકાંઠા
બી.એન. રાવ	વિ. રેન્જ વડગામ	સમી રેન્જ પાટણ વન.
એસ. એમ. પાંડોર	ભોરડીયારા (ભુજ) બન્ની ડીવી કચ્છ વર્તુળ	વિ. કચ્છ વર્તુળ આ.ર.ડી.એ ફ. પોશીના સાબરકાંઠા
જી.બી. વાણીયા	વિ. રેન્જ ભૂજ સા.વ.વિ. ભૂજ કચ્છ વર્તુળ	ભચાઉ રેન્જ કચ્છ પૂર્વ વન વિભાગ કચ્છ વર્તુળ
આર. એલ. જાલંધરા	ભચાઉ રેન્જ કચ્છ પૂર્વ વન વિ. કચ્છ વર્તુળ	નાળસરોવર સાણંદ વિ. ગુ. વન્ય. વર્તુળ, ગાંધીનગર
પી.એન. સીસોદીયા	ગરબાડા રેન્જ દાહોદ, અમદાવાદ વર્તુળ	મુનાપુર રેન્જ ગોધરા વન વિભાગ
જે.આર. પંડ્યા	સા.વ.વિ. ભાવનગરની કચેરી	ખાનપુર રેન્જ ગોધરા વન વિભાગ
એસ.યુ. જોખીયા	વિ. રાણાવાવ પોરબંદર વિ	વિ. માંગરોળ સા.વ.વિ. જૂનાગઢ
રામાભાઈ જે. મોર	વિ. જૂનાગઢ રેંજ સા.વ.વિ. જૂનાગઢ	સાવરકુંડલા ગીર પૂર્વ
એમ.કે. ચૌધરી	રે.ફો.ઓ. પી.એલ.ઓ., ગાંધીનગર	રે.ફો.ઓ. તાલીમ વિભાગ, ગાંધીનગર
એન.એન. જોષી	એમ.એન.પી. મરીન નેશનલ પાર્ક, જામનગર	જામનગર રેન્જ જામનગર વન વિભાગ
વાય.એ. કુરેશી	ધરોઈ રેન્જ ગાંધીનગર વન વિભાગ	આડેસર રેન્જ ઘુડખર અભ્યારણ્ય, ધ્રાંગધ્રા
વનરાજસિંહ આર. ચૌહાણ	ભીલોડા રેન્જ સાબરકાંઠા	દાંતા રેન્જ બનાસકાંઠા
બી.એમ. ઠાકોર	દાંતા(પ) રેન્જ બનાસકાંઠા	ભીલોડા રેન્જ સાબરકાંઠા
બી.જી. ડેર	વિ. રાપર સા.વ.વિ.કચ્છ, કચ્છ વર્તુળ	વિ. મેદરડા રેન્જ સા.વ.વિ. જૂનાગઢ
સુભાષ વિ. નેગી	જે.બી.આઈ.સી. ઓફીસ પાલનપુર	વિ. બોટાદ રેન્જ સા.વ.વિ. ભાવનગર
ડી.એમ. ડાભી	વિરપુર રેન્જ સા.વ.વિ. નડીયાદ	વિ. કપડવંજ રેન્જ સા.વ.વિ. નડીયાદ
આર.બી. જાદવ	છોટા ઉદેપુર રેન્જ, છોટા ઉદેપુર વન વિ.	બારીયા રેન્જ બારીયા વન વિભાગ
એસ.વી. ચૌહાણ	વાંસદા નેશનલ પાર્ક, ડાંગ	પડધરી રેન્જ સા.વ.વિ. રાજકોટ
એસ.એમ. નિનામા	વિ. કડાણા સા.વ.વિ. ગોધરા	રે.ફો.ઓ. પી.એલ.ઓ., ગાંધીનગર
આર.બી. ચૌહાણ	વિ. આમોદ સા.વ.વિ. ભરૂચ	કંજેટા બારીયા વન વિભાગ, વડોદરા વર્તુળ

ચરોતર એજ્યુકેશન સોસાયટીના શતાબ્દી વર્ષની ઉજવણી

અમદાવાદ, તા. ૧૬

ચરોતર એજ્યુકેશન સોસાયટી તેનું શતાબ્દી વર્ષ ખૂબ જ નોંખી રીતે ઉજવી રહી છે. આ ઉજવણી દરમ્યાન સામાજીક સંદેશો આપતી તથા ભિન્ન અર્થ પૂરો પાડતી અનેક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે.

મિડિયાને સંબોધન કરતાં સંસ્થાના સિનિયર બોર્ડ મેમ્બર્સે જણાવ્યું હતુંકે આ સંસ્થા રાજ્યની સૌથી વધુ જૂની શિક્ષણ સંસ્થાઓમાં સમાવેશ પામે છે. શતાબ્દી વર્ષની ઉજવણી સંખ્યાબંધ કાર્યક્રમો યોજવામાં આવશે. લગભગ તમામ કાર્યક્રમોનો ઉદ્દેશ મુલ્યોના પ્રસાર ઉપરાંત શૈક્ષણિક અને રમતગમતની પ્રવૃત્તિઓને એક વ્યાપક પ્લેટફોર્મ પુરૂ પાડવાનું છે.

સીઈએસના ચેરમેન શ્રી નિરવ પટેલ જણાવે છે કે 'આ સંસ્થા એવા સમયે શરૂ કરવામાં આવી હતી, જ્યારે શિક્ષણને આ વિસ્તારમાં, અન્ય નસીબદાર પ્રદેશોની તુલનામાં વિશેષ અગ્રતા આપવામાં આવતી ન હતી. ૧૯૧૬માં રાજવી શાસન દરમ્યાન શિક્ષણની પ્રવૃત્તિ ઉપર પ્રમાણમાં વિશેષ ઝોક મુકવામાં આવ્યો. ૧૯૦૫માં પ્રિન્સિપાલનું પદ ધરાવતા મોતીભાઈ અમીને આ વિસ્તારમાંશિક્ષણ માટે ભારે જહેમત ઉઠાવી. તેમના પ્રયાસોથી આઝાદી પૂર્વેના કાળમાં શિક્ષણને એક નવો જ અર્થ પ્રાપ્ત થયો. આઝાદી પૂર્વેના સમયમાં તેમના પ્રયાસોને પરિણામે અનેક ચઢાવ-ઉતાર થતાં ચરોતર એજ્યુકેશન સોસાયટી ટકી રહી છે અને મૂલ્ય આધારિત શિક્ષણના સિદ્ધાંતને સાચા અર્થમાં અનુસરી રહી છે.'

શ્રી પટેલે જણાવ્યું કે 'શતાબ્દિ વર્ષની ઉજવણી માટે અમે શાળાના સ્ટાફના અનેક સૂચનો મેળવ્યા હતા, જેથી સ્થાપકોને ભવ્ય રીતે યાદ કરી શકાય તથા નવી પેઢીને પ્રેરણા પુરી પાડી શકાય. અમે ૧૦૦ વર્ષની ઉજવણી સંખ્યાબંધ પ્રસંગો દ્વારા ઉજવવાનું નક્કી કર્યુ.

ટેન્ડર હરાજી

નિયામક વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની ક્વોલિસ ડીઝલ ગાડી નં. **GJ 18G 1458** મોડલ ૨૦૦૨ હાલ જે સ્થળે જે સ્થિતિમાં છે તે હાલતમાં જાહેર જનતા પાસેથી ભાવો મેળવી તા. ૨૮/૪/૨૦૧૫ના રોજ ટેન્ડર પદ્ધતિથીનિકાલ કરવાની હોઈ, ભાગ લેવા ઈચ્છતા ધરાવતી વ્યક્તિઓએ રૂ. ૧૦૦ (બિન ચુકવણીપાત્ર) રોકડા નિયામક વિકસતી જાતિ કલ્યાણ ખાતુ બ્લોક નં. ૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરની કચેરીમા જમા કરાવી તા. ૨૨/૪/૨૦૧૫ના રોજ ૧૫.૦૦ કલાક સુધીમાં ટેન્ડર ફોર્મ મેળવી લેવાના રહેશે.

સહી/-
(કે. ડી. કાપડિયા)
નિયામક
વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૧૧૨/૧૫-૧૬